સમય મર્યાદા અગત્યનું

ડિજિટલ ગુજરાત પોર્ટલ


**જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ ) ની કચેરી**

**જિલ્લા સેવા સદન, જૂની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત**

ફોન : ૦૨૬૧-૨૫૯૧૫૦૦ e-mail : d.dirsurat@gmail.com


નં.જિનાની/વિ.જા./પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ/ 2862 તારીખ: ૧૭-૦૩-૨૦૨૧

પ્રતિ,

(૧) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી- તમામ,જિ. સુરત

આચાર્યશ્રી તમામ

(૨) કોલેજ- તમામ,જિ. સુરત

(૩) સરકારી આઇ.ટી.આઇ. - તમામ,જિ.સુરત.

(૪) ઉચ્ચતર માધ્યમિક શાળા - તમામ,જિ.સુરત.

(૫) માધ્યમિક શાળા - તમામ,જિ. સુરત.

વિષય:- વર્ષ:૨૦૨૦-૨૧નીશિષ્યવૃત્તિ/સહાયની બાકી રહેલ કામગીરી ઓનલાઇન Digital Gujarat Portal પર તાત્કાલિક પૂર્ણ કરવાબાબત (https://www.digitalgujarat.gov.in)

સંદર્ભ :-(૧)વડી કચેરીના તા.૧૮/૦૨/૨૦૨૧ ના પત્ર ક્રમાંક/વિજાક/શિક્ષણ/૨૦-૨૧/૩૫૬૬-૩૫૯૭.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૨૦-૨૧ના શૈક્ષણિક સત્ર દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓ તથા પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં સા.શૈ.પ.વ., આર્થિક રીતે પછાત વર્ગ, વિચરતી વિમુકત જાતિ અને લઘુમતીનાવિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સવલતો મંજૂર કરવા બાબતે અત્રેની કચેરીથી વિગતવાર પરિપત્ર કરવામાં આવેલ હતો. જેના અનુસંધાને અત્રેની કચેરીને ચાલુ વર્ષમાં સુરત જિલ્લાની વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ઓનલાઇન પ્રિ. મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની થયેલ છે, જેમાં આપનો પૂરતો સાથ-સહકાર પણ મળેલ છે. જે બદલ આપ સૌનો આભારી છું. જિલ્લાની ઓનલાઇન પ્રિ. મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની બાકી કામગીરી આપના સહકારની અપેક્ષા સહ નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા આપને આજ્ઞાનુસાર વિનંતી છે.

પ્રિ,મેટ્રીક શિષ્યવૃત્તિ (ધો. ૧ થી ૧૦) માટે શાળા/સંસ્થાએ દરરોજ લોગીન કરી બેંક એકાઉન્ટની વિગતો વેરીફાય થયેલ હોય (Account Valid & Verify અને Name Mismatch માં Consent આપી ) અને STUDENT NOT IN PRAPOSALહોય તેવા તમામ વિદ્યાર્થીઓની તાત્કાલિક પ્રપોઝલ બનાવી હાયર ઓથોરીટીને ફોરવર્ડ કરવાની રહેશે

પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ (ધો.૧૧ થી કોલેજ કક્ષા સુધી) માટે શાળા/સંસ્થા/કોલેજ/આઇ.ટી.આઇ. એ દરરોજ લોગીન કરી પોતાના લોગીનમાં Post Metric Pending Application માં આવેલ તમામ વિદ્યાર્થીઓની અરજી જરૂરી આધાર-પુરાવા સહિત મેળવી ONLINE VERIFICATION કરી ઓનાલાઇન અરજી APPROVE/RETUTN કરવાની રહેશે અને Post Metric Send Application માં આવેલ તમામ ઓનલાઇન અરજીઓ SELECT કરી OTP આપી HIGHER AUTHORITYને SEND કરવાની રહેશે. શાળા/કોલેજ લેવલ એ Pending અરજીઓનું પ્રમાણ વધુ હોય તેમજ પૂર્તતાવાળી અરજીઓ ઉપર પણ વધુ ભાર મુકી આ બાબતે

Scanned with CamScanner

વિદ્યાર્થીઓને પૂરતી જાણકારી/જરૂરી માર્ગદર્શન આપી, જે પણ વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજી પૂર્તતા (QUERY) ના કારણોસર Return to College / Return to Student કરેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓએ પાસે ઓનલાઇન દર્શાવેલ પૂર્તતા (QUERY) તાત્કાલિક પૂર્ણ (Solve) કરાવી વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઇન અરજી મેળવવાની રહેશે અને ઉપર જણાવ્યા અનુસારની પ્રક્રિયા કરી HIGHER AUTHORITYને SEND કરવાની રહેશે

ઉક્ત સંદર્ભ પત્ર (૩) તથા તા.૦૬/૦૩/૨૦૨૧ ના રોજ વડી કચેરી મારફત યોજાયેલ મીટીંગમાં મળેલ સૂચાનુસાર તમામ યોજનાની વર્ષ:૨૦૨૦-૨૧ ઓનલાઇન કામગીરી સંપૂર્ણ રીતે પૂર્ણ કરવાની થાય છે. જેથી વર્ષ:૨૦૨૦-૨૧ માં કોઇપણ લાભાર્થી/વિદ્યાર્થીની ઓનલાઇન દરખાસ્ત (અરજી) પડતર કે ચૂકવણું કર્યા વગર રહી ન જાય તેની ખાસ તકેદારી રાખવી. જેથી આ યોજનાઓના એરીયર્સ/તફાવત ની રકમ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહી. જેથી શાળા/કોલેજ/આઇ.ટી.આઇ. ના આચાર્યશ્રીઓએ અંગત કાળજી રાખીને વર્ષ:૨૦૨૦-૨૧ શિષ્યવૃત્તિની ઓનલાઇન કામગીરી (પોતાના લોગીનમાં રહેલ ઓનલાઇન પેંડીંગ અરજીઓ તથા વિદ્યાર્થીઓને પૂર્તતા અર્થે પરત કરેલ અરજીઓની પૂર્તતા પૂર્ણ કરી તેઓ પાસેથી તાત્કાલિક ઓનલાઇન અરજીઓ પોતાના લોગીનમાં મેળવી – જિલ્લા કચેરીને ઓનલાઇન ફોરવર્ડ કરવાની રહેશે.) તમામ લેવલેથી સંપૂર્ણ રીતે પૂર્ણ કરવાની રહેશે.

<u>વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને વર્ષ:૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ બંન્ને વર્ષ માટે આખરી તક તરીકે તા.૧૫/૦૩/૨૦૨૧ સુધીમાં ઓનલાઇન શિષ્યવૃત્તિની બાકી રહી ગયેલ તમામ કામગીરી પૂર્ણ કરાવવા આજ્ઞાનુસાર વિનંતી છે. આ સાથે શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં તા. ૦૮/૦૩/૨૦૨૧ની સ્થિતિએ પડતર રહેલ અરજીઓ ધ્યાને લઇને ઉપર જણાવ્યા મુજબ તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવાની રહેશે. જે શાળા/કોલેજ/સંસ્થાનું નામ આ સાથે સામેલ પત્રકમાં ન હોય, તેઓએ પણ તેમના લોગીનમાં ઓનલાઇન ઉપરોક્ત બાબતે પૂરતી ચકાસણી કરી લેવાની રહેશે.</u>

આપના લોગીનમાં સા.શૈ.પ.વ./આ.પ.વ./લઘુમતિ/વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ કોઇ કારણસર DIGITAL GUJARAT PORTAL ની ઓનલાઇન અરજી HIGHER AUTHORITYને SEND નહિ કરી શકે અને/અથવા આપ આપની શાળા/સંસ્થા/કોલેજ ના લોગીનમાં વિદ્યાર્થીઓની અરજીઓ ઓનલાઇન પડતર રહેશે અને તેઓ શિષ્યવૃત્તિથી વંચિત રહી જશે તો ઉક્ત બાબતે ભવિષ્યમાં ઉપસ્થિત થનાર તમામ પ્રશ્નોની જવાબદારી શાળા/સંસ્થા/કોલેજના આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

<u>કોવિડ-૧૯ મહામારી અંતર્ગત સરકારશ્રી દ્વારા વખતોવખત આપવામાં આવેલ સુચનાઓને ધ્યાનમાં રાખી તમામ કામગીરી કરવાની રહેશે.</u>

આપનો વિશ્વાસુ,

(આર.ડી.બલદાણિયા)
જીલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ ,,સુરત

<u>નકલ સવિનય જાણ સારૂ રવાના</u> :-

(૧) માન. કલેક્ટરશ્રી, સુરત.

(૨) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત સુરત

(૩)માનનીય નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

Scanned with CamScanner

નકલ સવિનય જાણ તથા ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ :-

(૧) માન. કુલપતિશ્રી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી,પો.બો.નં.૪૯, ઉધના-મગદલ્લા રોડ, સુરત.

(૨) માન. કુલપતિશ્રી કૃષિ યુનિવર્સીટી, ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી.

(૩) માન. કુલપતિશ્રી ગુજરાત ટેકનોલોજી યુનિવર્સીટી,વીસત ત્રણ રસ્તા નજીક, ચાંદખેડા, અમદાવાદ.

(૪) માન. કુલપતિશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ યુનિવર્સીટી, સેક્ટર-૧૫, ગ-રોડ, મહાત્મા મંદિર નજીક, ગાંધીનગર.

(૫) માન. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા સેવા સદન, સુરત

(૬) માન. જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત.

(૭) સાશનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતી, સુરત

Scanned with CamScanner